**અગ્રતા ક્રમ:-૧૮ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૧૫/૪/૨૪૭૪**

**મુળ LAQ પૂછનાર માન.ધા.સ.શ્રી. – શ્રીમતી ગેનીબેન ઠાકોર (વાવ)**

**"રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિ"**

**પૂરક પ્રશ્ન પૂછનાર માન. ધારાસભ્યશ્રી:- શ્રીમતી રીટાબેન પટેલ (ગાંધીનગર ઉત્તર)**

**પૂરક પ્રશ્ન-(૧): રાજ્ય મહીલા સુરક્ષા સમિતિની કામગીરી શું છે ? શા માટે આ સમિતિની રચના કરવામાં આવે છે ?**

**જવાબ, માન. અધ્યક્ષશ્રી,**

રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિ અંગે ગૃહ વિભાગના તા.૩૦/૦૧/૨૦૧૪ના ઠરાવથી જોગવાઈ કરવામાં આવેલ છે.

**રાજ્ય કક્ષાની મહિલા સુરક્ષા સમિતિ દ્વારા આ મુજબની કામગીરી કરવાની રહે છે:**

- ભારત સરકારના ઘરેલુ હિંસાથી મહિલાને રક્ષણ-૨૦૦૫ ના કાયદાના અમલીકરણ બાબતે, સેકસ્યુઅલ હેરેસમેન્ટ ઓફ વુમન (પ્રીવેન્સન/પ્રોહિબીશન એન્ડ રીડ્રેસલ) ૨૦૧૩ ના કાયદા તથા તેને અનુલક્ષીને ફોજદારી કાર્યરીતી અધિનિયમ અને ભારતીય પુરાવાના કાયદામાં પણ થયેલ ફેરફારો સબંધે મહિલાઓને વાકેફ કરવા સમિતિએ અસરકાર ભુમિકા ભજવવાની રહેશે.
- મહિલાઓ ઉપર થતા અત્યાચાર રોકવા, સ્ત્રીભૃણ હત્યા રોકવા માટેના કાયદાની જોગવાઈઓથી મહિલાઓને વાકેફ કરવા, મહિલાઓ તથા બાળકોના કલ્યાણ અને સુરક્ષા સબંધી ભારત સરકાર તથા રાજ્ય સરકારની જુદી જુદી નીતિઓ તથા કાયદાઓની તથા તેમાં થયેલ ફેરફારોની અદ્યતન વિગતોથી માહિતગાર થઈને સમિતિએ સંમેલનો,શિબિરો,તાલીમવર્ગોનું આયોજન કરીને અસરકારક પ્રસાર તથા પ્રચાર કરીને સમાજમાં જાગૃતિ લાવવાના પ્રયત્નો કરવાના રહેશે.
- ધોરણ-૧૦ થી ઉપરના શાળા/કોલેજના વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓને મહિલાઓના પ્રશ્નો તથા તેને સબંધિત કાયદાઓથી અવગત કરાવી સામાજીક જવાબદારીના અભિગમને ધ્યાને લઈને સશક્તિકરણ માટે કેમ્પનું આયોજન કરીને દરેક શાળા/કોલેજમાંથી પ્રતિભાવ મેળવવાની કામગીરી કરવાની રહેશે.
- રાજ્ય સરકારની તથા અન્ય વ્યવસાયિક કચેરીઓની મહિલા કર્મચારીઓ તથા મહિલા વકિલો સાથે મહિલા સુરક્ષાના પ્રશ્નો તથા તેને સબંધિત પ્રવર્તમાન કાયદાઓ અને ન્યાયપાલિકાની કાર્યરીતી સબંધિત કામગીરી બાબતે પરીસંવાદ યોજવાની કામગીરી કરવાની રહેશે તેમજ નામ. સુપ્રિમ કોર્ટ દ્વારા બહુ ચર્ચિત વિશાખા કેસમાં

આપેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ મહિલા સુરક્ષા  જાગૃતિના કાયદાઓ અંગે પ્રતિભાવ મેળવવાની કામગીરી કરવાની રહેશે.

- હોસ્પિટલના મહિલા દર્દીઓના કુટુંબીજનોને સરકારશ્રીની નીતિ અને યોજનાઓની જાણકારી આપી તેઓના પ્રતિભાવ મેળવવાની કામગીરી કરવાની રહેશે તથા જેલના મહિલા કેદીઓના પ્રશ્નો સમજવા તેઓની મુલાકાત લેવાની કામગીરી કરવાની રહેશે.
- નારી અપરાધ માટેની ખાસ અદાલતમાં થતી કામગીરીની કાર્યરીતીની જાણકારી મેળવીને રાજયના મહિલા પોલીસ સ્ટેશન, તેના સંપર્ક નંબરની માહિતી મેળવી પીડિત મહિલાને પરિણામલક્ષી યોગ્ય મદદ પુરી પાડવાની રહેશે.
- જિલ્લા નારી સંરક્ષણ ગૃહ, બાળ સંરક્ષણ ગૃહની મુલાકાત લઈને તેમા શિક્ષણ વ્યવસ્થા યોગ્ય છે કે કેમ? તથા આશ્રમમાં રહેતી દિકરીઓના વ્યવસાયીક સદ્ધરતા, લગ્ન જેવા સામાજીક પ્રશ્નોના યોગ્ય નિરાકરણ માટે કામગીરી કરવાની રહેશે.
- અંધ, અપંગ, મંદબુદ્ધિની દિકરીઓના પ્રશ્નો સબંધે સહાનુભૂતી પૂર્વક પ્રશ્નોના નિરાકરણ કરવાની કામગીરી કરવાની રહેશે. તેમજ મહિલાઓના પ્રશ્નો સબંધે કામગીરી કરતા મહિલા અને બાળ વિકાસ વિભાગ, રાજય મહિલા આયોગ, સમાજ સુરક્ષા ખાતુ, જેન્ડર રિસોર્સ સેન્ટર, મહિલા પોલીસ સ્ટેશન, અધિક પોલીસ મહાનિદેશક,સી.આઇ.ડી.(ક્રાઇમ–રેલ્વેઝ) ના મહિલા સેલ સાથે સંપર્કમાં રહીને કામગીરીની વિગતો મહિલાઓ સુધી પહોંચાડવાની રહેશે.

**માન.અધ્યક્ષશ્રી**

**ભારતની પ્રાચીન પરંપરા સદીઓથી મહિલાઓને સમાન મોભો, માન–સન્માન અને દરજ્જો આપતો આવેલ છે. વેદકાળથી ગાર્ગી, અરુંધતી જેવા નામો આપણા માટે આદરનું પ્રતિક રહ્યા છે. શક્તિ સ્વરૂપના આરાધના આપણા સંસ્કારના પાયાની પ્રણાલી રહી છે. બદલાતા સમયની સાથે અને દુનિયાના પ્રવાહોની સાથે મહિલાઓને સજજ કરવાના હેતુથી આ સમિતિની રચના કરવામાં આવી છે. જેનો મુળભૂત હેતુ મહિલાઓ વિરુધ્ધના અત્યાચાર/ફરિયાદને ધ્યાને રાખીને તેઓની સુરક્ષા કરવા તેમજ મહિલાઓને સમાજમાં આર્થિક/સામાજીક રીતે પગભર કરવાનો છે. ફક્ત સુરક્ષા નહીં પરંતુ સજાગતા કેળવાય, મહિલાઓ સામાજિક અને આર્થિક રીતે સક્ષમ બને તેવા ઉમદા હેતુ સાથે આ કામગીરી કરવામાં આવે છે.**